# લક્ષ્મીપુરાથી ખેડબ્રહ્મા સુધીના રૂટ પર શટલીયા જીપોનો મારો

## ઘેટાં બકરાની જેમ મુસાફરોને ભરતા હોવા છતાં તંત્ર ચૂપ !!!

લક્ષ્મીપુરા, તા. ૨૭

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામથી ખેડબ્રહ્મા સુધીના મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા સમયથી સરકારી એસ.ટી. બસ કરતા પ્રાઈવેટ સટલીયા જીપ ચાલકો બેફામ રીતે દોડે છે અને મુસાફરોને ઘેટાં બકરાની જેમ ભરી જોખમી મુસાફરી કરાવે છે ત્યારે સ્થાનિકોએ આ મામલે ઉગ્ર રોષ વ્યક્ત કરી ટ્રાફિક પોલીસ બેફામ રીતે દોડતા શટલીયા જીપચાલકો સામે લાલ આંખ કરે તેવી માંગણી કરી રહ્યા છે.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામ ઉપરાંત આસ-પાસના મોટાભાગના ગામના મુખ્ય માર્ગો પર છેલ્લા ઘણા સમયથી પ્રાઈવેટ શટલીયા જીપ ચાલકોએ ભારે માજા મુકી છે અને શટલીયા જીપ ચાલકો તમામ નિયમોને નેવે મુકી દરરોજ ૧૦ની કેપેસીટીવાળા શટલીયામાં ૧૫ થી વધારે મુસાફરોને ઘેટા બકરાની જેમ ભરે છે અને મુસાફરોને જોખમી મુસાફરી કરાવે છે જ્યારે ટ્રાફિક નિયમ મુજબ માત્ર ને માત્ર ૧૦ પેસેન્જરોની જ પરવાનગી હોય છે. તેમ છતાં શટલીયા જીપ ચાલકો બિન્દાસપણે બસ કરતા પણ વધારે ભાડા વસુલે છે. ઉપરાંત બસ સ્ટેન્ડની પાસેથી જ પેસેન્જરોને ભરીને લઈ જાય છે તેમ છતાં ટ્રાફિક પોલીસતંત્ર આ મામલે આંખ આડા કાન કરી રહ્યું છે. જેથી સ્થાનિકજનો ભારે રોષે ભરાયા છે અને બેફામ દોડતા શટલીયા જીપ ચાલકો વિરૂદ્ધ પોલીસતંત્ર પગલાં ભરે તેવી માંગ કરી રહ્યા છે.

# ઊંઝામાં પૂરતો પોલીસ સ્ટાફ હોવા છતાં ઘરફોડ ચોરીના અસંખ્ય બનાવો : સ્થાનિકજનોમાં અસલામતીનો ભય

ઊંઝા, તા. ૨૭

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગુનાઓનું પ્રમાણ ખુબ વધી જતાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ આડે જતાં લોકો અસલામતિની લાગણી અનુભવી રહ્યા છે.

ઊંઝા શહેર અને તાલુકાના ગામોમાં છેલ્લા ઘણા વખતથી ધાડ, લૂંટ, ઘરફોડ ચોરીઓ જેવી કે મંદિર, વાહન, કેબલ, ઢોર, કૃષિ ચીજોની ચોરીઓ, ચેઈન સ્નેચીંગ તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. આ ઉપરાંત અસામાજીક પ્રવૃત્તિઓએ પણ ભારે ઉપાડો લીધો છે તેવું ચર્ચાય છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી આ વિસ્તારમાં વધતી જતી ગુનાખોરી તેમજ સમાજ વિરોધી પ્રવૃત્તિઓને અટકાવવા તેમજ નિયંત્રિત કરવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડેલ છે.

છેલ્લા ત્રણેક વર્ષ દરમિયાન સ્થાનિક પોલીસ મથકે મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ઘણા ગુનાઓ નોંધાયા છે જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજ દિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. સ્થાનિક તથા જિલ્લા કક્ષાની લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા મિલકત વિરૂદ્ધના ગુનાઓના ભેદ ઉકેલવાની દિશામાં યોગ્ય તપાસ થતી નથી. તપાસના કામે ખંત અને મહેનતનો અભાવ વર્તાય છે. પરિણામે ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાતું નથી. તેમજ ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે થઈ શકતો નથી. આમ કાગળ પર દોડતી તપાસથી ગુનાઓના ભેદ શોધી શકાતા નથી તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

કહે છે કે, મિલકત વિરૂદ્ધના ગુનાઓના ભેદ ઉકેલવામાં ખાસ્સી મહેનત કરવી પડે છે. અને આર્થિક રીતે કંઈ લાભ થતો નથી. એટલે આવા ગુનાઓની તપાસમાં ખાસ રસ દાખવાતો નથી. આવી સ્થિતિમાં વણ ઉકેલાયેલ ગંભીર પ્રકારના ગુનાઓની સંખ્યા વધતી જાય છે. જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ બાબતને ગંભીરતાપૂર્વક વિચારી મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓના ભેદ ઉકેલાય તે દિશામાં સક્રિય પ્રયત્નો કરવા જોઈએ તેવું આમ જનતા ઈચ્છે છે.

ઊંઝા પોલીસ સ્ટેશનમાં એક પી.આઈ., ત્રણ પી.એસ.આઈ., એ.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલો, કોન્સેબલો, એલ.આર.ડી. નો સ્ટાફ છે. તેમ છતાં ઊંઝા શહેરમાં છાશવારે ઘરફોડ તેમજ અન્ય ચોરીઓના બનાવો બની રહ્યા છે. પરિણામે લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. સ્થાનિક પોલીસ મથકે કેટલીકવાર ગંભીર પ્રકારના ગુનાઓને નોંધવામાં આનાકાની થાય છે. તેમજ લૂંટના ગુનાને ચોરીમાં ખપાવવામાં આવતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પોલીસમથકે ચાર્જમાં બેસતા એક ચોક્કસ પોલીસ સ્ટેશન ઓફીસર ફરીયાદી તેમજ અન્ય નાગરિકોને વ્યવસ્થિત જવાબ આપતા નથી. અને ઉદ્ધત વર્તન દાખવતા હોવાનું કહેવાય છે. તાલુકામાં મિલકત વિરૂદ્ધના ગુનાઓની સાથે દેશી-વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ, ક્રિકેટ મેચ આધારિત સટ્ટો તેમજ અન્ય સમાજ વિરોધી બદીઓ કોઈપણ જાતની રોકટોક વિના ધમધોકાર રીતે ચાલી રહ્યાનો લોક પોકાર ઉઠ્યો છે.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

## ઈડર જાદર પ્રાથમિક શરાફી મંડળીના પ્રમુખપદે કાન્તીભાઈ પટેલની વરણી

જાદર, તા. ૨૭

સાબરકાંઠામાં સ્થિત ઈડર જાદર પ્રાથમિક શરાફી મંડળીની ૪૯મી વાર્ષિક બેઠક તાજેતરમાં ઈડર પ્રાથમિક શાળા ખાતે યોજાઈ હતી. જેમાં સતત ત્રીજી વખત મંડળીના પ્રમુખ પદે કાન્તીલાલ પટેલની બિન હરિફ વરણી કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઈડર-જાદર પ્રાથમિક શરાફી મંડળી ચાલે છે. જેનો સંચાલકો દ્વારા સુયોગ્ય વહીવટ કરવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે યોજાયેલ મંડળીની વાર્ષિક સાધારણ બેઠકમાં મંડળીના ચાલુ પ્રમુખને જ સતત ત્રીજી વાર મંડળીના પ્રમુખ પદે અરોડા પ્રાથમિક સાળામાં ફરજ બજાવતા કાન્તીભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. મંડળીના પ્રમુખપદે કાન્તીભાઈની વરણી થતા તમામ સભાસદોએ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

## માણસા વિધાનસભાની ચૂંટણીના ભથ્થા ચુકવવાની હજુય બાકી

ગાંધીનગર, તા. ૨૭

માર્ચ માસમાં માણસા વિધાનસભાની પેટા ચૂંટણી યોજાયેલ હતી. જેમાં ચૂંટણી કામગીરી સોપેલ ૨૩ કર્મચારીઓ હજુ મહેનતાણાં વિના રહી ગયા છે. આ કર્મચારીઓએ અનેક વખત માગણી કરી પરંતુ હજુ ભથ્થા ચુકવાયા નથી. સત્વરે ચુકવાય તેમ કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

## મોડાસા નડિયાદ ટ્રેનમાં અનેક પરેશાનીઓ ટ્રેનને સુરત સુધી લંબાવો

ધનસુરા, તા. ૨૭

મોડાસા નડિયાદ ટ્રેન શરૂ થયે વર્ષો થયા છતાં ટ્રેનમાં કોઈ સુવિધા વધારવામાં આવેલ નથી.મોડાસાથી નડિયાદ સુધીમાં સ્ટેશનો સુવિધા વિહોણાં છે. રેલ્વેમાં બાથરૂમ સંડાસની વ્યવસ્થા ન હોવાથી મુસાફરી ત્રાસદાયક બને છે.

આ ગાડીનો ટાઈમ અપડાઉન માટે અનુકૂળ નથી. તેમજ આ ટ્રેન ૭ કલાક નડિયાદ યાર્ડમાં પડી રહે છે. તેને બદલે સુરત કે ભરૂચ સુધી લંબાવીને મુસાફરોને લાભ આપી શકાય. ભવિષ્યમાં ટ્રેન બંધ થવાનો ભય છે. મોડાસા રેલ્વે એસોસીએશન દ્વારા અનેક રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. ધનસુરા વ્યાપારી મંડળના અગ્રણી ગોપાલભાઈ ઠેકડીએ પણ રજૂઆત કરેલ છે.

## રાજસ્થાન નાગરિક સહકારી શરાફી મંડળીની વાર્ષિક બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત ધી રાજસ્થાન નાગરિક સહકારી શરાફી મંડળીની સાધારણ સભા ગત રોજ ભેરાપંથ ભવન ખાતે શંકરલાલ બોથમલ શાહના પ્રમુખ સ્થાને યોજાઈ હતી.

ખેડબ્રહ્મા સ્થિત ધી રાજસ્થાન નાગરિક સહકારી સરાફી મંડળીની મળેલી સામાન્ય બેઠકમાં ડિરેક્ટરની ખાલી પડેલ ચાર જગ્યા માટે ઉમેદવાર બિન હરિફ જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે બિન હરીફ ચૂંટાયેલા અન્ય સભાસદોએ શુભેચ્છા પાઠવી હતી. આ સાધારણ સભાનું સફળ સંચાલન મેનેજર યોગેશભાઈ સુથાર, દિનેશભાઈ જોષી અને ગુણવંતભાઈએ કર્યું હતું.

## ધનસુરામાં ભાજપના સક્રિય કાર્યકરોની નોંધણીનો ધમધમાટ

ધનસુરા, તા. ૨૭

ધનસુરામાં ભાજપ દ્વારા સક્રિય સભ્યો બનાવવાની શરૂઆત થયેલ છે. ધનસુરામાં ૮૨ વર્ષના બુઝર્ગ જનસંઘના ભૂતપૂર્વ કાર્યકર કાન્તીભાઈ ઠકેડીને સભ્ય બનાવેલ છે. ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ગોપાલભાઈ ઠેકડી, તાલુકા ભાજપ પ્રમુખ મનહરભાઈ દેસાઈ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, મનુભાઈ દેસાઈ, ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝા નજીક ઉનાવા હાઈવે પર બે બાઈકસવારો ઉપર ઘાતકી હુમલો

ઊંઝા, તા. ૨૭

આજે ઊંઝા નજીકના ઉનાવા ગામે હાઈવે પર મોટરકારમાં આવેલા દસથી બાર હથિયારધારી અજાણ્યા શખ્સોએ એક બાઈકને આંતરીને તેની પર સવાર બે ચૌધરી યુવાનો પૈકી એકને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી બીજા યુવાનને ગાડીમાં ઉઠાવી અપહરણ કરી ક્યાંક નાસી છુટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

જાણવા મળ્યા મુજબ વિગત એવી છે કે, ઊંઝા નજીકના ઐઠોર ગામના પ્રકાશભાઈ ગણેશભાઈ ચૌધરી અને ઉનાવાના આનંદપુરાના મુકેશ ચૌધરી બંને ભાણેજ અને મામા પલ્સર બાઈક નં. જીજે-૨-બી.સી. ૭૩૧૧ પર સવારના સાડા અગિયાર વાગ્યાના સુમારે ઊંઝાથી ઉનાવા તરફ આવી રહ્યા હતા ત્યારે ઉનાવા હાઈવે પર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સામે ક્વોલિસ મોટરકારમાં આવેલા દસ થી બાર જેટલા હથિયારધારી અજાણ્યા શખ્સોએ બાઈકને આંતર્યું હતું. અને અચાનક મુકેશ ચૌધરી પર તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કર્યો હતો. જેથી તેને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી.

આ બનાવને પગલે આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. બાદ અજાણ્યા શખ્સો પ્રકાશભાઈ ચૌધરીને પકડી બળજબરીપૂર્વક ગાડીમાં નાંખી અપહરણ કરી ક્યાંક નાસી ગયા હતા. હૂમલામાં ગંભીર રીતે ઘાયલ યુવાનને સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ ચોંકાવનારી ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી સાથે ભયની લાગણી પ્રસરી હતી.

દરમિયાન આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ અપહરણકર્તાઓ ક્વોલિસ મોટરકાર નં. જીજે-૨-આર-૩૧૩૭માં આવ્યા હતા. આ બનાવની જાણ થતાં ઊંઝા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. અને ગાડીમાં નાસી છૂટેલા અપહરણકર્તાઓને પકડવા માટે સમગ્ર જિલ્લામાં વાયરલેસ સંદેશા પાઠવી નાકાબંધી કરાવી હતી.

દરમિયાન અપહરણ થયાના થોડા સમય બાદ અપહૃત યુવાનની વિસનગર તાલુકાના થુમથલ ગામની સીમમાંથી મૃત હાલતમાં લાશ મળી આવતાં તેનું અપહરણ કર્યા બાદ હત્યા કરી દીધી હોવાની હકિકત બહાર આવતાં ભારે ચકચાર જાગી છે. કહે છે કે, જૂની અદાવત યા અન્ય કોઈ કારણસર આ બનાવ બન્યો હોવાનું ચર્ચાય છે.

# હિંમતનગરમાં ઉત્સવ મેળામાં ખુલ્લેઆમ લૂંટ : સલામતીના નામે મીંડુ

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠાના હિંમતનગર શહેરમાં ૩ દિવસથી ઉત્સવ મેળાના નામે શરૂ થયેલ મનોરંજન મેળામાં શહેરની જનતાની ખુલ્લેઆમ લૂંટ કરવા સહિત અભદ્ર વર્તન અને સુરક્ષાના નામે મીંડુ હોવા અંગે કલેક્ટરને રજૂઆત કરવામાં આવતા આ ચર્ચાએ ભારે જોર પકડ્યું છે.

કલેક્ટરને કરવામાં આવેલ રજૂઆતની વિગત એવી છે કે શહેરના ખેડતસીમાં રોડ પર પેટ્રોલ પંપ પાસેની ઓવન એન.એ.ની જમીનમાં વાણિજ્ય હેતુથી ઉત્સવ મેળો શરૂ કરવામાં આવ્યો છે. આ મેળામાં પાંચ વર્ષથી નીચેના બાળકોની રૂ. ૧૦ અને તેની ઉપરના વ્યક્તિની રૂ. ૨૦ એન્ટ્રી ફી વસૂલી ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી રહી છે. તથા સરકારી જમીન પર પાર્કિંગના નામે રૂ. ૧૦, ૨૦ અને રૂ. ૫૦ વસુલ કરવામાં આવી રહ્યા છે. જેનો કોઈપણ પ્રકારનો હિસાબ આપવામાં આવતો નથી ઉપરાંત ઉત્સવ મેળાના સ્ટાફના માણસો નશાની હાલતમાં સાધન સામગ્રી અને મશીન ચલાવે છે અને મેળામાં કોઈપણ પ્રકારના સેફટીના સાધનો પણ મુકવામાં આવ્યા નથી. મનોરંજનના નામે કોમર્શીયલ ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે મેળાના સ્થળ ઉપર તંત્રએ આપેલ પરવાનગીની શરતોની કોઈ વિગતો દર્શાવવામાં આવી નથી તેમજ નિયમોનું યોગ્ય પાલન થતુ નથી અને પ્રજાની જાહેર સુરક્ષા માટે પોલીસ પ્રોટક્શન પણ લેવામાં આવતું નથી. જિલ્લામાં દૂર દૂર સુધીના સ્થળ પર મકાન ભાડે આપી પોલીસને જાણ ન કરનાર મકાન માલિકો વિરૂદ્ધ કાયદાનો ડંડો ઉગાવે છે પરંતુ ઉત્સવ મેળાના સ્ટાફના માણસોની ઓળખની ખરાઈ કરવા તસ્દી પણ લીધી નથી. આ મામલે રજૂઆત કર્તાએ ઉત્સવ મેળાની પરવાનગી અને કાયદેસરતાને પડકારતા અનેક મુદ્દાઓ સાથે રજૂઆત કરી છે. તેવા સંજોગોમાં કલેક્ટર દ્વારા શું પગલા લેવાશે તેની પર સ્થાનિકોની મીટ મંડાઈ રહી છે.

# ચિલોડા બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે વ્યસન મુક્તિ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૭

નશાબંધી અને આબકારી ખાતુ ગાંધીનગર, નશાબંધી મંડળ ગુજરાત અને તેના દ્વારા સંચાલિત સરદાર પટેલ વ્યસન મુક્તિ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય, મોટા ચિલોડાના સહયોગથી બ્રહ્માકુમારી કેન્દ્ર ચિલોડા ખાતે વ્યસનમુક્તિ સંમેલન અને વ્યસનમુક્તિ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં દર્દીને દવા અને વ્યસનથી થતા નુકસાન અંગેની માહિતી આપવામાં આવી હતી. વ્યસનમુક્તિ અંગે પ્રદર્શનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વ્યસનમુક્તિ સંમેલન અને વ્યસનમુક્તિ કેમ્પમાં મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના અધ્યાપકો, વિદ્યાર્થીઓ તેમ જ આસપાસના વિસ્તારના ગ્રામજનો, બ્રહ્માકુમારી સેન્ટરના રાજયોગીનીઓ તથા મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બ્રહ્માકુમારીના તારા દીદીએ યુવાનોને વ્યસનમુક્ત બનવા, રાજયોગ દ્વારા મજબૂત મનોબળ બનાવવા જણાવ્યું હતું. નશાબંધી આબકારી ખાતાના સુપ્રિટેન્ડન્ટ દ્વારા પણ આવા જન જાગૃતિના કાર્યક્રમો કરવા જણાવ્યું હતું. નશાબંધી મંડળના કાર્યાલય મંત્રી હરવદનભાઈ પરમારે વ્યસન એક વૈશ્વિક સમસ્યા છે તેમ જણાવ્યું હતું. વ્યસનમુક્તિ હોસ્પિટલના પ્રોજેક્ટ ડાયરેક્ટર પ્રફુલ્લભાઈએ વ્યસની દર્દી, તેની સારવાર પદ્ધતિ વિશે ટૂંકમાં માહિતી આપી હતી. બ્રહ્માકુમારીના રાજયોગીની સવિતા દીદીએ વ્યસનને પાતાળનું પગથિયુ કહી પતનનું જડ ગણાવ્યું હતું. બ્રહ્માકુમાર અને અમદાવાદમાં હોસ્પિટલ ધરાવતા ડૉ. મુકેશભાઈ પટેલે વ્યસનથી થતા નુકશાન વિશે આંકડાકીય માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત રીતે આપી હતી. ડૉ. જયશ્રીબેને પણ સફળ થવા જ્ઞાન, હકારાત્મક વલણ અને સ્કીલ-આવડતની જરૂર છે તે સમજાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમદાવાદ જિલ્લાના નિયોજક પંડ્યાભાઈએ યોગ્ય રીતે કર્યુ હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ, ગ્રામજનોએ વ્યસનમુક્તિ કમ્પમાંથી દવા લઈ વ્યસન મુક્ત થવા નિર્ધાર કર્યો હતો. અને વ્યસન મુક્ત પ્રદર્શન રસપૂર્વક નિહાળ્યું હતું.

## મહેસૂલ વિભાગ દ્વારા પલાસર ગામની અલગ રેવન્યુ વિલેજ તરીકેની માન્યતા રદ્

ગાંધીનગર, તા. ૨૭

રાજયના મહેસૂલ વિભાગ દ્વારા પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ધિણોજ ગામની અમુક જમીનો પલાસર ગામમાં ભેળવી પલાસર અલગ રેવન્યુ વિલેજ જાહેર કરવામાં આવેલ તે ઠરાવ આથી રદ કરવામાં આવે છે. તેમજ રાજય સરકારના હુકમની તારીખથી અમલમાં આવે તે રીતે પાટણના ધિણોજ ગામની જાહેરનામાની અનુસૂચિમાં જણાવેલ જમીનો ધિણોજ ગામના રકબામાંથી કમી કરાશે અને તે જમીનોનો મોજે પલાસર ગામના રકબામાં સમાવેશ કરવામાં આવશે તેમ ઠરાવમાં જણાવાયું છે.

## ધનસુરા દેના ગ્રામીણ બેંકના મેનેજર સોલંકીની વ્યસનમુક્તિની લોકપ્રિય કામગીરી

ધનસુરા, તા. ૨૭

છેલ્લા કેટલાક સમયથી પોલીસ તંત્ર કડક બનતાં દેશી વિદેશી દારૂની ગાડીઓ પકડાવા લાગી છે. દેશી દારૂના અડ્ડા પર દરોડા પડાય છે. ધનસુરા ગ્રામીણ દેનાબેંકના મેનેજર સોલંકીએ વ્યસન મુક્તિની ઝુંબેશ ચાલુ કરેલ છે. અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ યુવાનોને વ્યસન છોડાવી પ્રતિજ્ઞા લેવડાવી પ્રશંશનીય કામગીરી કરી છે. સોલંકી જીવદયા પ્રેમી તરીકે સક્રિય સેવા આપે છે. ગ્રામજનોએ આ કામગીરી માટે તેમને અભિનંદન પાઠવે છે.

## ધનસુરામાં ગટરનું કામ શરૂ થતાં હર્ષોલ્લાસ

ધનસુરા, તા. ૨૭

ધનસુરામાં કેન્દ્ર સરકારે રૂા. ૧૧ કરોડની ગ્રાન્ટ ગટર યોજના માટે ફાળવેલ છે. જેથી ટેન્ડર બહાર પાડીને ગટરનું કામ ઝડપથી શરૂ કરેલ છે. સરપંચ ત્રિવેણીબેન પટેલ અને સુરેશભાઈ પટેલ જણાવ્યું હતું કે, ગટરનું કામ શરૂ કરી દીધેલ છે. પાણીની મુશ્કેલી દુર કરવા માટે બોર બનાવ્યા છે. ગામમાં પે એન્ડ યુઝ સંડાસ બનાવવાનું આયોજન કરેલ છે.

ટચૂકડી જાહેર ખબર

અઢળક નાણાં કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩
(અમૂલ્ય તક ૧૦૦%)

જોઈએ છે
રેવન્યુ તથા કોમ્પ્યુટર ટાઈપીંગ કામના જાણકાર માણસની જરૂર છે. યોગ્યતા મુજબ પગાર. અરજી કરો.
પ્લોટ નં. ૧૪૦, સેક્ટર-૮સી, ગાંધીનગર.
મો. : ૯૮૭૯૪ ૭૬૪૪૨

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૬૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એલેવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES    APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર ફ્રી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૪૪૦-૬૪૭૨૮